DQ-001-0012111 Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati : Paper-IV

*(Elective - II)*

*(પરિચ્છેદનો અર્થવિસ્તાર)*

**Faculty Code : 001**
**Subject Code : 0012111**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં MCQ પ્રકારના ૨૦ પ્રશ્નો છે.
(૨) એક MCQનો એક ગુણ, કુલ ૨૦ ગુણ છે.
(૩) MCQ પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

**પ્રશ્ન-૧.નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો.** (૨૦)

**૧. ગદ્યખંડનું વાંચન કરી શું આત્મસાત કરવું જોઈએ ?**
(અ) લેખકની ભાષા (બ) લેખકની શૈલી
(ક) લખાણની રીત (ડ) લેખકની વિચારધારા

**૨. ગદ્યખંડના વિવરણમાં ભાષા કેવી હોવી જોઈએ?**
(અ) અશુદ્ધ (બ) શુદ્ધ
(ક) તળપદી (ડ) અશિષ્ટ

**૩. ગદ્યખંડના મૂળ વિચારને વિસ્તાર પૂર્વક રજૂ કરવામાં આવે તે ને શું કહે છે ?**
(અ) ગદ્યખંડનું વિવરણ (બ) ગદ્યખંડનો સંક્ષેપ
(ક) ગદ્યખંડનું સારાંશ (ડ) ગદ્યખંડનું સારલેખન

**૪. ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે સૌ પ્રથમ કઈ બાબત સમજવી જોઈએ ?**
(અ) ગદ્યખંડનો ભાવાર્થ (બ) ગદ્યખંડની ભાષા
(ક) ગદ્યખંડનીશૈલી (ડ) ગદ્યખંડની રીત

**૫. સંક્ષેપીકરણમાં સંક્ષેપકારે કોની ભાષા વાપરવી જોઈએ ?**
(અ) ગદ્યખંડના લેખકની ભાષા (બ) કવિની ભાષા
(ક) સંક્ષેપકારની પોતાની ભાષા (ડ) અન્ય કોઈની ભાષા

**૬. મૂળ ગદ્યખંડના કેટલામાં ભાગ જેટલું સંક્ષેપીકરણ થવું જોઈએ ?**
(અ) ½ (એકદ્વિતીયાંશ)ભાગ (બ) ⅓ (એકતૃતીયાંશ)ભાગ
(ક) ¼ (એક ચતુર્થાંશ)ભાગ (ડ) ¾ (ત્રણ ચતુર્થાંશ)ભાગ

૭. વાક્યમાં વિરામચિહ્નો કઈ રીતે મૂકવામાં આવે છે ?

(અ) વાક્ય અનુસાર (બ) ભાષા અનુસાર

(ક) અર્થ અનુસાર (ડ) શબ્દ અનુસાર

૮. પૂર્ણવિરામની નિશાની કઈ છે ?

(અ) . (બ) ,

(ક) ! (ડ) ?

૯. નીચેમાંથી ઉદ્‌ગાર ચિહ્ન કયું છે ?

(અ) ? (બ) –

(ક) । (ડ) !

૧૦. નીચેનામાંથી કયા વિકલ્પમાં લોપચિહ્ન વપરાયું છે ?

(અ) '૧૫ (બ) '૨૦૧૫'

(ક) "૨૦૧૫" (ડ) ૧૫-૨૦

૧૧. નીચેમાંથી એકપદ પ્રધાન સમાસ કયો છે ?

(અ) દ્વન્દ્વ (બ) તત્પુરુષ

(ક) બહુવ્રીહિ (ડ) ઉપપદ

૧૨. કયા સમાસના વિગ્રહ સમયે બે પદ વચ્ચે 'અને' મૂકવામાંઆવે છે ?

(અ) ઈતરેતરદ્વન્દ્વ (બ) તત્પુરુષ

(ક) બહુવ્રીહિ (ડ) ઉપપદ

૧૩. 'વહીવંચો '- વહીવાંચે છે તે - કયો સમાસ છે?

(અ) અવ્યયીભાવ (બ) ઉપપદ

(ક) તત્પુરુષ (ડ) બહુવ્રીહિ

૧૪. 'અભ્યાસક્રમ' - અભ્યાસ માટેનો ક્રમ – કયો સમાસ છે?

(અ) કર્મધારય (બ) દ્વિગુ

(ક) તાદર્થ્યતત્પુરુષ (ડ) ઉપપદ

૧૫. `લગ્નગાળો´- લગ્નનો ગાળો– કયોસમાસ છે?

(અ) ઉપપદ (બ) દ્વિગુ

(ક) કર્મધારય (ડ) સંબંધ તત્પુરુષ

૧૬. 'કુંભકાર' -કુંભનો કરનાર- કયો સમાસ છે ?

(અ) ઉપપદ (બ) બહુવ્રીહિ

(ક) દ્વિગુ (ડ) અવ્યયીભાવ

૧૭. 'મનગમતું'- મનનેગમતું— કયો સમાસ છે?

(અ) બહુવ્રીહિ
(બ) ઉપપદ
(ક) દ્વિગુ
(ડ) કર્મ તત્પુરુષ

૧૮. 'નમે તે સૌને ગમે' — કહેવતનો શું અર્થ થાય છે ?

(અ) નમ્રતાવાળો માણસબધાને પ્રિય બને છે.
(બ) નમ્રતાવાળો માણસબધાને અપ્રિય બને છે.
(ક) નમ્રતાવાળો માણસ બધાને નગમે
(ડ) આ ત્રણેયમાંથી એકેય નહીં

૧૯. 'નવરો નખોદ વાળે' — કહેવતનો શું અર્થ થાય છે ?

(અ) નવરો માણસ નફો કરે
(બ) નવરો માણસ નુકસાન કરે
(ક) કામઢો માણસ નુક્સાન કરે
(ડ) આ ત્રણેયમાંથી એકેય નહીં

૨૦. 'લોહીનું પાણી કરવું' — રૂઢિપ્રયોગનો શું અર્થ થાય છે ?

(અ) માથાકૂટ કરવી
(બ) મહેનતન કરવી
(ક) સખત મહેનત કરવી
(ડ) આ ત્રણેયમાંથી એકેય નહીં

**પ્રશ્ન- ૨. નીચે આપેલ *પરિચ્છેદનો* વિચારવિસ્તાર કરો.** (૧૦)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તે તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવાં આનંદમય ચિત્રોઆપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઈ નીલકંઠ

<u>અથવા</u>

**પ્રશ્ન-૨. નીચેનીપંક્તિનોઅર્થવિસ્તારકરો.**

''સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે.''

- કલાપી

**પ્રશ્ન- ૩.નીચેના ગદ્યખંડમાંથી કોઈ એકનું સંક્ષેપીકરણ કરો.** (૧૦)

પુરાણના પાંચ લક્ષણ છેઃ ઇતિહાસ, સૃષ્ટિની ઉત્પત્તિ, લય, યુગોનાં વર્ણન તથા તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોનું રૂપકો દ્વારા સમજૂતી પૂર્વકનું નિરૂપણ વગેરે. આ પુરાણો લખવાનું પ્રયોજન, વેદના ધર્મને લોકભોગ્ય બનાવવો તે હતું. વેદો જેમાં લખાયા છે તે ભાષા અતિ પ્રાચીન છે અને વિદ્વાનોમાંથીયે બહુ જ થોડાઓ આ ગ્રંથોનો કાળ નક્કી કરી શકે તેમ છે. પુરાણો તે વખતના લોકોની ભાષામાં લખાયાં હતાં; એ ભાષાને આપણે આધુનિક સંસ્કૃત કહીએ છીએ. એ રચાયા હતા સામાન્ય લોકોને માટે, વિદ્વાનોને માટે નહીં. કારણકે સામાન્ય લોકો ઊંચું તત્ત્વજ્ઞાન સમજી શકે નહીં. આ કારણે લોકોને એવી ઉચ્ચ વસ્તુઓ સંત-મહાત્માઓનાં ચરિત્રો, રાજાઓનાં ચરિત્રો, મહાપુરુષોનાં જીવન-ચરિત્રો, વિશિષ્ટ જાતિ અંગેની ઐતિહાસિક ઘટનાઓ વગેરેની સહાયથી સ્થૂલરૂપમાં પહોંચાડવામાં આવી હતી. ધર્મનાં સનાતન સત્યો સમજાવવા સારુ ઋષિઓએ આ બધી બાબતોનો ઉદાહરણો રૂપે ઉપયોગ કર્યો.

- સ્વામીવિવેકાનંદ

<u>અથવા</u>

સૌંદર્યની ઉપાસના ધર્મપ્રેરક નીવડી અને નીવડે. કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવની છે. હું પુષ્ટિમાંર્ગી વૈષ્ણવ નથી, પણ સાયંકાળે તેમના મંદિરે જઉં તો ત્યાં વહેતા સંગીતથી મુગ્ધ થાઉં અને અદ્‌ભુત સંવેદનો અનુભવું. ખ્રિસ્તી ધર્મનાં વેનિસ આદિનાં ભવ્ય પ્રાર્થનામંદિરનાં રસ્કિનનાં વર્ણનો વાંચતાં ધાર્મિક લાગણીઓ ઉદ્‌ભવે ને સંતોષાય છે. બાયબલ કરતા બૉટીચેલી, રાફેલ, ઍન્જેલો આદિની કલાકૃતિઓથી ખ્રિસ્તીધર્મ વધુ જીવંત રહ્યો છે; તેના સિદ્ધાંતો કરતાં નરસિંહ, સુરદાસ, મીરાં વગેરેથી વૈષ્ણવ-પંથવધુ પ્રાણવંતો છે; અને પંથ ઉપપંથને વ્યાપી રહે તો ગગન જેવો આપણો હિંદુ ધર્મ યુગેયુગે ભગવદ્‌ગીતા અને ઉપનિષદની કવિતામાંથી નવો અવતાર પામે છે. કલા આ વસ્તુ પોતાની જાતને સંપૂર્ણ પ્રમાણિક રહીને સાધી શકે. બાળક રમે છે તેમાં તેનું તંદુરસ્ત જાળવવાનો હેતુ નથી, પણ રમતથી સ્વાસ્થ્ય જળવાયને શરીર કસાય છે. નદી વહે છે તેમાં ખેતરો પોષવાનો તેનો હેતુ નથી; તે તેનું સ્વભાવ જન્ય કામ કરે છે. અને ખેતરો પોષાય છે.

- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

**પ્રશ્ન- ૪. (અ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો.** (૮)

(૧) તત્પુરુષ સમાસ

(૨) દ્વિગુ સમાસ

**(બ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો.** (૮)

(૧) દ્વન્દ્વ સમાસ

(૨) ઉપપદ સમાસ

**પ્રશ્ન- ૫. નીચેમાંથી કોઈપણ બે લખો :** (૧૪)

**૧. નીચેના ગદ્યમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી ગદ્ય લખો.**

પ્રભુની જેને ખરી ઓળખ થઈ હશે તે સારી રીતે જાણશે જ કે પ્રભુ મારી અને દુનિયાની બહાર નથી આખા વિશ્વનો એ જ અંતર્યામી છે અને તેથી એનું સ્મરણ અર્થાત્ ધર્મ એ પણ દુનિયાના સઘળા વ્યવહારનો-અર્થનો અને કામનો અંતર્યામી થવો ઘટે છે એટલે કે અર્થ અને કામનો એ દાસ નથી પણ અર્થ અને કામ ઉપર અમલ ભોગવી અર્થ અને કામને પોતાના કાર્યમાં પ્રેરે છે

**૨. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

a. 'લોઢાના ચણા ચાવવા'

b. 'દમ મારવો'

c. 'કાગનો વાઘ કરવો'

d. 'અંગારો ઊઠવો'

**૩. નીચેની કહેવતોનો અર્થ આપો.**

a. 'નાચવું નહિ ત્યારે આગણું વાંકું'

b. 'પારકી આશ સદા નિરાશ'

c. 'બોલે તેના બોર વેચાય'

d. 'મોરનાં ઈંડાંને ચીંતરવાં ન પડે'

**૪. નીચેની કહેવતોનો અર્થ આપો.**

a. 'કૂતરાનું મોં બિલાડીએ ચાટ્યું'

b. 'ઝાઝા હાથ રળિયામણા'

c. 'રાત થોડી ને વેશ ઝાઝા'

d. 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય'